"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE
an initiative for organ donation

રેફ નં.

તા: ૨૫/૦૮/૨૦૧૫

સુરત

તંત્રી શ્રી. ______________________

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## કાન્યકુબ્જ બ્રાહ્મણ સમાજના બાલેન્દુ બાજપાઈ અને અનાવિલ સમાજના મીનાબેન દેસાઈના અંગદાન થી ૭ વ્યક્તિને મળ્યુ નવુ જીવન અને રોશની

કાન્યકુબ્જ બ્રાહ્મણ સમાજના શ્રી બાલેન્દુ બાજપાઈ અને અનાવિલ સમાજના મીનાબેન દેસાઈના અંગદાન થી ૭ વ્યક્તિઓને નવજીવન અને રોશની મળી છે.

બુધવાર તા. ૧૯ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ વહેલી સવારે બાલેન્દુ બાજપાઈ બેભાન થઇ જતા તેમને તાત્કાલીક મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં ડૉ. માણેક અસાવાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. ત્યારબાદ સીટી સ્કેન કરાવતા તેમાં મગજના ડાબા ભાગમાં અંદરની બાજુ લોહીનો ગઠ્ઠો થઇ ગયો હતો. રાત્રે ૧૧:૩૦ કલાકે ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલે ડીકમ્પ્રેશન અને ક્રેન્યોટોમી કરી મગજના ડાબા ભાગમાં અંદરની બાજુ લોહીનો ગઠ્ઠો હતો તે કાઢી નાખ્યો હતો. રવિવાર તા. ૨૩ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલ અને ન્યુરોફીઝીશ્યન ડૉ. મનોજ સત્યવાણીએ તેમને બ્રેનડેડ જાહેર કર્યા.

ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી બાલેન્દુભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નિલેશ માંડલેવાલાએ હોસ્પીટલ પહોંચી બાલેન્દુભાઈના પત્ની ડૉ. કલ્પનાબેન અને પુત્ર ડૉ. શુભેન્દુને અંગદાન અંગેની સમગ્ર માહિતી આપી, અંગદાનની પ્રક્રિયા સમજાવી અને ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

બાલેન્દુભાઈના પત્ની ડૉ. કલ્પનાબેન અને પુત્ર ડૉ. શુભેન્દુએ જણાવ્યું કે 'અમારું સ્વજન બ્રેનડેડ થઇ ચુક્યું છે, અને તેમના અંગદાન થકી કોઈ જરૂરિયાતમંદને નવી જીંદગી મળતી હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE
an initiative for organ donation



બીજા દુ:ખદ બનાવમાં સ્ટેશનરોડ ઉપર આવેલી વર્ષો જુની દેસાઈ બ્રધર્સ એન્ડ કું. ના સ્વર્ગસ્થ નરેશભાઈ દેસાઈના પત્ની મીનાબેનને શુક્રવાર તા. ૨૧ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ સવારે ૦૭:૪૫ કલાકે બ્રેઈન સ્ટ્રોક નો હુમલો આવતા તેમને શિવાંજલી હોસ્પીટલમાં ડૉ. રાજેશ પ્રજાપતિની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. ત્યાર બાદ ડૉ. હિમાંશુ દેસાઈ અને ન્યુરોફીઝીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટેને કન્સલ્ટ કરી સી. ટી. સ્કેન અને MRI કરાવતા મગજના ડાબા ભાગમાં લોહીનો ગઠ્ઠો હોવાનું માલુમ પડ્યું અને તેની સારવાર શરૂ કરવામાં આવી. રવિવાર તા. ૨૩ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ વધુ સારવાર માટે તેમને મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં સવારે ૧૦:૩૦ કલાકે દાખલ કરવામાં આવ્યા. ત્યાર બાદ સી. ટી. સ્કેન કરાવતા મગજમાં સોજો વધ્યો હોવાનું નિદાન થયુ હતું. ન્યુરોસર્જન ડૉ. કે. સી. જૈને સાંજે ૦૪:૦૦ કલાકે ડીકમ્પ્રેશન સર્જરી કરી લોહીનો ગઠ્ઠો કાઢયો હતો. સોમવાર તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ ન્યુરોફીઝીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટે અને ઇન્ટેન્ટસીવીસ્ટ ડૉ. આલોક શાહે તેમને બ્રેન ડેડ જાહેર કર્યા.

ચેમ્બરની એક્ઝીક્યુટીવ કોર કમીટીના ચેરમેન કેતન દેસાઈએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી મીનાબેનના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નિલેશ માંડલેવાલાએ હોસ્પીટલ પહોંચી મીનાબેના પુત્રો હેમલ અને મનીષ, મીનાબેનના સ્વજનો શ્રી શીરીષભાઈ, નલીનભાઈ, રાજુભાઈ, દિનકરભાઈ, ચેતનભાઈ તેમજ અન્ય પરીવારજનોને અંગદાન અંગેની સમગ્ર માહિતી આપી. અંગદાનની પ્રક્રિયા સમજાવી અને ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

મીનાબેનના પુત્રો હેમલ અને મનીષે જણાવ્યુકે "અમારા પિતાશ્રીનું ૧૯૭૯માં કિડની નિષ્ફળતાના કારણે મૃત્યુ થયું હતું. એટલે કિડનીનું મહત્વ શું છે તે અમે જાણીએ છીએ. અમારા માતાશ્રી બ્રેનડેડ થઇ ચુક્યા છે ત્યારે તેઓના અંગોનું દાન કરીને કિડની નિષ્ફળતા અને લીવર નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતુ હોય તો અંગદાન માટે આપ આગળ વધો".

આ બન્ને દુ:ખદ ઘટનાઓમાં પરિવારજનો તરફથી અંગદાન અંગે સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડિનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી અંગદાન લેવા આવવા માટે જણાવ્યું.

3...

**"Donate Life"**
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

**DONATE LIFE**
an initiative for organ donation



અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. જમાલ, ડો. બીપીન પાલ અને તેમની ટીમે આવી ચાર કિડની અને બે લીવરનું દાન સ્વીકાર્યું. જયારે ચાર ચક્ષુઓનું દાન નવી સિવિલ હોસ્પીટલ અને અર્પણ આઈ ઇન્સ્ટીટ્યુટના ડોક્ટરોએ સ્વીકાર્યું.

દાન માં મેળવવામાં આવેલી કિડનીઓ પૈકી બે કિડની યુ. પી સરહાનપુરના રીટાબેન તનવર ઉ.વ. ૪૨ તથા બીજી બે કિડની અમદાવાદના જશરાજભાઈ પટેલ ઉ. વ. ૫૫માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે એક લીવર રીસર્ચ માટે રાખવામાં આવ્યું છે. જયારે બીજુ લીવર રાજકોટના ઉમેશભાઈ રસિકલાલ શાહ ઉ. વ. ૪૭માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યુ છે.

આ કિડનીઓ અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો જમાલ, ડો. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં બાલેન્દુભાઈના પત્ની ડો. કલ્પનાબેન, પુત્ર ડો. શુભેન્દુ, પિત્રાઈ ભાઈ (કઝીન બ્રધર) નવી સિવિલ હોસ્પીટલના Ex. Dean ડો. શૈલેન્દ્ર બાજપાઈ, મીનાબેના પુત્રો હેમલ અને મનીષ, મીનાબેનના સ્વજનો શ્રી શિરીષભાઈ, નલીનભાઈ, ચેમ્બરની એક્ઝીક્યુટીવ કોર કમીટીના ચેરમેન અને મીનાબેનના ભાણેજ શ્રી કેતન દેસાઈ અને પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડો. અશોક પટેલ, ડો. કે. સી. જૈન, ન્યુરોફીઝીશ્યન ડો. મનોજ સત્યવાણી, ડો. અનિરુધ્ધ આપ્ટે, ફિઝીશયન ડો. માણેક અસાવા, ડો. હિમાંશુ દેસાઈ, ઇન્ટેન્સીવીસ્ટ ડો. આલોક શાહ, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ તથા ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રીશ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી શ્રી હેમંત દેસાઈ અને નિમિત પટેલનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૨૬ કિડની, ૩૮ લીવર, ૩ પેન્ક્રીઆસ અને ૧૦૦ ચક્ષુઓનો દાન મેળવીને ૨૬૭ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**